RNI No.: GUJGUJ/2014/59295

E mail -
prdpraval@yahoo.co.uk

# ન્યુઝ ઓફ ગાંધીનગર

# NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

"ગુજરાત રાજ્ય માહિતી ખાતાની પેનલ ઉપર નું અગ્રીમ દૈનિક અખબાર"

www.janfariyadnews.com

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 11 * Issue No. 179 * Date: 19.04.2025,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# યુદ્ધ બંધ કરો, અમે તમામ બંધક મુક્ત કરીશું..., ઈઝરાયલ સાથે સમાધાન કરવા હમાસ તૈયાર



ઈઝરાયલ અને હમાસ વચ્ચે લાંબા સમયથી ચાલતું યુદ્ધ હવે ખતમ થવાની અણીએ હોય તેવું લાગે છે. હમાસે ઈઝરાયલને યુદ્ધ ખતમ કરવાનું આહ્વાન કરતાં કહ્યું કે અમે તમામ બંધકોને છોડવા તૈયાર છીએ પણ સામે તમારે યુદ્ધ ખતમ કરવું પડશે. હમાસના વરિષ્ઠ અધિકારીએ કહ્યું કે અમે ઈઝરાયલની જેલમાં કેદ પેલેસ્ટિની નાગરિકોના બદલામાં તમામ બંધકોને છોડવા રાજી છીએ. અમે તમામ ઈઝરાયલી બંધકોને મુક્ત કરી દઈશું. હમાસના નેતા ખલીલ અલ હાયાએ ટેલિવિઝન પર કહ્યું કે હવે અમે કોઈ વચગાળાની સમજૂતિ કરવા માગતા નથી. કાયમી ઉકેલ લાવવો પડશે. તાત્કાલિક અસરથી યુદ્ધ ખતમ કરો. અમે ગાઝામાં યુદ્ધ નથી ઈચ્છતા. હાયાએ કહ્યું કે ઈઝરાયલના વડાપ્રધાન નેતન્યાહૂ અને તેમની સરકાર પોતાના પોલિટિકલ એજન્ડા માટે આંશિક સમજૂતીઓ કરી લે છે. જેના કારણે ગાઝામાં ભૂખમરાંની સ્થિતિ ઘેરાતી જઈ રહી છે. અમે હવે તમામ બંધકોને મુક્ત કરવા તૈયાર છીએ.

## જાપાની દૂતાવાસની મહિલાકર્મી સાથે છેડતીના આરોપમાં JNUના પ્રોફેસર સસ્પેન્ડ થયા




જવાહરલાલ નહેરુ યુનિવર્સિટી ([illegible]) પ્રશાસને એક સીનિયર ફેકલ્ટી મેમ્બરને જાપાની દૂતાવાસની એક મહિલા કર્મચારીના જાતીય સતામણીના આરોપસર એક સીનિયર ફેકલ્ટીને બરતરફ કરી દીધા છે. યુનિવર્સિટીએ લાંબી તપાસ બાદ આ નિર્ણય લીધો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, કથિત ઘટના અમુક મહિના પહેલાં યુનિવર્સિટીના એક કાર્યક્રમ દરમિયાન થઈ હતી. યુનિવર્સિટીના અધિકારીઓએ પુષ્ટિ કરી છે કે, આ કોઈ એક મામલો નથી, પ્રોફેસર સામે પહેલાં પણ અનેક ફરિયાદ મળી હતી. યુનિવર્સિટીના કુલપતિ શાંતિશ્રી ધુલીપડી પંડિતે જણાવ્યું કે, 'આ વહીવટ જાતીય સતામણી કરનારાઓ, રેન્ટ સીકિંગ અને ભ્રષ્ટ કર્મચારીઓ પ્રત્યે ઝીરો-ટૉલરેન્સની નીતિ માટે પ્રતિબદ્ધ છે.

## ઊંઝામાં સફળ રક્તદાન કેમ્પ: ૨૦ બોટલ રક્ત એકત્રિત થયું



ઊંઝા બ્લડ બેંકની ૨૦ બોટલ રક્તની જરૂરિયાતને પહોંચી વળવા માટે આજે એક વિશેષ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પ પૂનમ કોમ્પલેક્ષ ખાતે લાયન્સ ક્લબ દ્વારા યોજવામાં આવ્યો હતો.કેમ્પમાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. એક ખાસ પહેલ રૂપે, દરેક રક્તદાતાને એક દાતા તરફથી ૧૦ ગ્રામની ચાંદીની મુદ્રા ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં લાયન્સ ક્લબના પ્રમુખ હિતેષભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમની સાથે બીપીનભાઈ પટેલ સહિત અન્ય હોદ્દેદારો પણ હાજર રહ્યા હતા. આ સફળ કેમ્પ દ્વારા બ્લડ બેંકની તાત્કાલિક જરૂરિયાત સંતોષવામાં આવી હતી.

## રાજકોટમાં ચાલતી બસમાં સુરતની તરુણી પર દુષ્કર્મની ઘટનાથી ચકચાર, આરોપી ફરાર

મહિલા અને બાળકીઓ માટે કથિત રીતે સુરક્ષિત કહેવાતા ગુજરાતમાંથી ચોંકાવનારી ઘટના સામે આવી છે. જ્યાં રાજકોટમાં સુરતની તરૂણી સાથે બસમાં દુષ્કર્મ આચર્યુ હોવાની માહિતી સામે આવી છે. પોલીસે હાલ આ મામલે તરૂણીનું નિવેદન નોંધી અલગ-અલગ ટીમ બનાવી તપાસ હાથ ધરી છે. મળતી માહિતી મુજબ, સુરતની તરૂણી રાજકોટમાં હોસ્ટેલમાં ભણતી હતી અને પોતાના ઘરે સુરત જઈ રહી હતી. સ્લીપર કોચવાળી બસમાં તરૂણી સુરત જઈ રહી હતી. ત્યારે મૂળ ગીર-સોમનાથના આરોપી વિજય બારડે તરૂણીનો પીછો કર્યો અને તેની પાછળ-પાછળ બસમાં ચઢી ગયો. બાદમાં આરોપીએ બસમાં જ તરૂણી પર દુષ્કર્મ આચર્યું હતું. મળતી માહિતી મુજબ, આરોપી વિજય બારડ તરૂણીની હોસ્ટેલમાં જ કામ કરતો હતો અને બંને એકબીજાના સંપર્કમાં પણ હતાં. તરૂણી જ્યારે સુરત પહોંચી તો તેણે પોલીસ સ્ટેશને જઈ સમગ્ર બાબતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે તરૂણીનું નિવેદન નોંધ્યું છે અને શારીરિક રિપોર્ટ માટે હોસ્પિટલ મોકલી આ મામલે વધુ તપાસ હાથ છે. નોંધનીય છે કે, આરોપી હજુ સુધી પોલીસની પકડમાં આવ્યો નથી. પોલીસે આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## વણાગલા રોડ પર લાગેલી આગ પર ઊંઝા-મહેસાણા ફાયર બ્રિગેડની ટીમે મેળવ્યો કાબૂ



ઊંઝા શહેરના વણાગલા રોડ પર આવેલા કચરાના ડમ્પિંગ યાર્ડમાં બપોરના સમયે અચાનક આગ ભભૂકી ઊઠી હતી. આ ઘટનાની જાણ થતાં જ ઊંઝા નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં ઊંઝા ફાયર બ્રિગેડે મહેસાણા નગરપાલિકાની ફાયર ફાઈટર ટીમની મદદ માગી હતી. બંને ટીમોના સંયુક્ત પ્રયાસોથી આગ પર કાબૂ મેળવવામાં સફળતા મળી હતી.આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કચરાના ઢગલામાં લાગેલી આગને કારણે આસપાસના વિસ્તારમાં ધુમાડો ફેલાયો હતો.

## ત્રણ દિવસમાં રોકાણકારોની સંપતિમાં રૂ.૧૮ લાખ કરોડનો જંગી વધારો નોંધાયો



મુંબઈ : અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ ટેરરના કારણે વૈશ્વિક બજારોમાં એક સપ્તાહ પૂર્વે આવેલા વંટોળમાં સર્જાયેલી ડામાડોળ પરિસ્થિતિમાં વર્લ્ડ ટ્રેડ વોર હવે અમેરિકા અને ચાઈના વચ્ચે સીમિત થવા લાગતાં એડવાન્ટેજ ઈન્ડિયા બની વિદેશી રોકાણકારો ભારતીય બજારોમાં રોકાણ તરફ વળ્યા છે. આ રોકાણ આકર્ષણે ત્રણ દિવસના ટૂંકા સપ્તાહમાં ભારતમાં શેરોમાં રોકાણકારોની સંપતિમાં રૂ.૧૮.૦૫ લાખ કરોડનો જંગી વધારો થયો છે.૧૧, એપ્રિલ ૨૦૨૫ના રોજ રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન જે રૂ.૪૦૧.૫૫ લાખ કરોડ હતું, એ ત્રણ દિવસમાં રૂ.૧૮.૦૫ લાખ કરોડ વધીને આજે-શુક્રવારે ૧૭, એપ્રિલ ૨૦૨૫ના રૂ.૪૧૯.૬૦ લાખ કરોડ પહોંચી ગયું છે.શેરોમાં ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો (એફપીઆઈઝ)એ શેરોમાં સતત ખરીદદાર બની ત્રણ દિવસમાં રૂ.૧૪,૬૭૦ કરોડના શેરોની ધૂમ ખરીદી કરતાં બીએસઈનો સેન્સેક્સ ૩૦ ઈન્ડેક્સ આ ત્રણ દિવસમાં ૩૩૯૫.૧૦ પોઈન્ટ ઉછળીને ૭૮૫૫૩.૨૦ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૧૦૨૩.૧૦ પોઈન્ટ ઉછળીને ૨૩૮૫૧.૬૫ની ચાર મહિનાની ઊંચાઈ નજીક પહોંચી ગયા છે. રોકાણકારોના જીવમાં જીવ આવ્યો હોય એમ વિદેશી ફંડોની સાથે હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો, ખેલંદાઓની સ્મોલ, મિડ કેપ શેરોમાં પણ મોટી ખરીદી થઈ છે.

યુરોપ, અમેરિકાના બજારો સપ્તાહના અંતે ગુરૂવારેએક તરફ ઘટાડા તરફી રહ્યા હતા, ત્યારે એશીયા-પેસેફિકમાં જાપાન, હોંગકોંગ, ભારતના બજારોમાં મજબૂતી જોવાઈ હતી. ખાસ ભારતીય શેર બજારો એનએસઈ, બીએસઈમાં શેરોમાં વિદેશી ફંડોની બેંકિંગ શેરો અને રિલાયન્સ, ભારતી એરટેલ સહિતમાં ધૂમ ખરીદી થતાં સેન્સેક્સે૧૫૦૮.૯૧ પોઈન્ટનો ઉછાળો અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સે ૪૧૪.૪૫ પોઈન્ટનો ઉછાળો નોંધાવ્યો હતો.

## ગુજરાત સરકારની ઈલેક્ટ્રિક વાહનો પર ૫% ટેક્સ છૂટની જાહેરાત, હવે માત્ર ૧% ટેક્સ ભરવો પડશે

ગ્રીન મોબિલિટી અને ઈલેક્ટ્રિક વાહનોની ખરીદીને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત સરકારે ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધી ઈલેક્ટ્રિક વાહનો પર ૫% ટેક્સ છૂટની જાહેરાત કરી છે. જેથી હવે ઈવી ખરીદનારને માત્ર ૧% ટેક્સ ભરવાનો રહેશે. નાગરિકો હવે વાહન ૪.૦ પોર્ટલ દ્વારા તેમના ઈલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. રાજ્યના પરિવહનમંત્રીનું કહેવું છે કે, આ નાગરિક-કેન્દ્રિત પહેલ હરિયાળા અને સ્વચ્છ ગુજરાત તરફ રાજ્ય સરકારનું એક પગલું છે. ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬ના બજેટમાં



આ ટેક્સ ઘટાડા અંગે જાહેરાત કરી હતી. જેને હવે લાગુ કરવામાં આવી છે અને આજે શુક્રવારથી જ તેનો અમલ શરૂ થઈ ગયો હોવાની વાત પરિવહન મંત્રીએ કરી છે.મહત્વનું છે કે ઈલેક્ટ્રિક વાહનો અને ગ્રીન મોબિલિટીને પ્રોત્સાહ આપવાની વાત કરનાર ગુજરાત સરકારે ઈલેક્ટ્રિક વાહનો પરની સબસિડી ઘણા સમયથી બંધ કરી દીધી છે. અગાઉ ઈલેક્ટ્રિક વ્હીકલને પ્રોત્સાહન આપવા અને પ્રદૂષણને ઘટાડવા માટે ટુ વ્હીલર પર ૨૦ હજારની સબસિડી આપતી હતી, જ્યારે ૧૫ લાખથી ઓછી કિંમતના ફોર વ્હીલર પર ૧.૫૦ લાખ રૂપિયાની સબસિડી આવતી હતી. જેને બંધ કરી દેવામાં આવતાં ઈલેક્ટ્રિક વાહનોના વેચાણમાં મોટો ઘટાડો નોંધાયો છે. ત્યારે હાલ આપવામાં આવેલી માત્ર ૫ ટકા ટેક્સ છૂટથી ઈલેક્ટ્રિક વાહનોનું વેચાણ વધે છે કે નહી તે જોવાનું રહેશે.

કોઈ વ્યક્તિ જો ૧૦ લાખની ઈલેક્ટ્રિક કાર ખરીદે તો તેના પર પહેલા છ ટકા ટેક્સ લાગતો હતો. એટલે કે ગ્રાહકે જે તે કાર પર ૬૦ હજાર રૂપિયા ટેક્સ ભરવાનો રહેતો હતો. પરંતુ હવે સરકારે ટેક્સમાં પાંચ ટકા છૂટ આપી છે. જેથી હવે ૧૦ લાખની ઈલેક્ટ્રિક કાર પર ગ્રાહકે ફક્ત એક ટકા લેખે ૧૦ હજાર રૂપિયા જ ટેક્સ ભરવો પડશે, જેથી કાર માલિકને ૫૦ હજાર રૂપિયાનો ફાયદો થશે.

**તંત્રી લેખ......**

# ટેરિફ હાઉમાંથી શેરબજાર બહાર, નુકસાન રિકવર કર્યું

લાંબા સપ્તાહાંત પછી બજારો ખુલ્યા ત્યારે ભારતીય શેરબજારોમાં જોરદાર તેજી જોવા મળી છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૨ % વધ્યો અને ૨ એપ્રિલના બંધ સ્તર ૨૩૩૩૨ને ઈન્ટ્રા ડે કૂદાવી ગયો છે. આ ઉછાળા સાથે, ભારત વિશ્વનું પ્રથમ મોટું શેરબજાર બન્યું જેણે યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પની ટેરિફ નીતિને કારણે થયેલા નુકસાનની સંપૂર્ણ ભરપાઈ કરી લીધી છે. જો કે અન્ય એશિયન શેરબજારોના મુખ્ય સૂચકાંક હજુ પણ ૩%થી વધુ નીચે છે.વૈશ્વિક ઉતાર-ચઢાવ વચ્ચે રોકાણકારો હવે ભારતીય બજારને સલામત સ્થળ તરીકે જોઈ રહ્યા છે. ભારતની અર્થવ્યવસ્થા સંભવિત વૈશ્વિક મંદીનો સામનો કરવા માટે વધુ સક્ષમ માનવામાં આવે છે, જ્યારે ઘણા દેશો યુએસ ટેરિફથી વધુ સીધી રીતે પ્રભાવિત થાય છે.અમેરિકા અને ચીન વચ્ચે વધતા વેપાર યુદ્ધ વચ્ચે, ભારતને હવે વૈકલ્પિક ઉત્પાદન કેન્દ્ર તરીકે જોવામાં આવી રહ્યું છે. જ્યારે ચીન યુએસ ટેરિફના જવાબમાં આક્રમક વલણ અપનાવી રહ્યું છે, ત્યારે ભારતે શાંત વલણ અપનાવ્યું છે અને યુએસ સાથે કામચલાઉ વેપાર કરાર પર પહોંચવાનો પ્રયાસ કર્યો છે.વૈશ્વિક બજારના નિષ્ણાતોએ જણાવ્યું હતું કે ભારતનો સ્થાનિક વિકાસ મજબૂત છે અને ચીનથી સપ્લાય ચેઈન ખસેડવાની શક્યતા ભારતને એક સુરક્ષિત રોકાણ વિકલ્પ બનાવે છે.છેલ્લા બે ક્વાર્ટરમાં ભારતીય શેરબજારમાં લગભગ ૧૦%નો ઘટાડો જોવા મળ્યો હતો. આનું કારણ આર્થિક વૃદ્ધિ, શેરના ઊંચા મૂલ્યાંકન અને વિદેશી રોકાણકારો દ્વારા ભારે વેચાણ અંગેની ચિંતા હતી.

# શાંતિ કરાર કરો, નહીંતર અમારે નથી કરવી મધ્યસ્થતાઃ અમેરિકા



રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કરી રહેલા અમેરિકાએ હવે કડક શબ્દોમાં બંને દેશોને ચીમકી આપી છે. અમેરિકાએ કહ્યું છે કે, જો યુદ્ધ મુદ્દે સમાધાન નહીં થાય તો તેઓ પાછળ હટી જશે.પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત સમયે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે, જો શાંતિ કરાર મામલે સ્પષ્ટ સંકેત નહીં મળે તો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ કરાર માટે વાતચીત કરવાના તમામ પ્રયાસોમાંથી પીછેહટ કરશે.

રૂબિયોએ જણાવ્યું હતું કે, અમે આ શાંતિ કરારનો પ્રયાસ અઠવાડિયા, મહિના સુધી જારી નહીં રાખી શકીશું નહીં. આથી આપણે ઝડપથી નિર્ણય લેવાની જરૂર છે. હું થોડા જ દિવસોની વાત કરી રહ્યો છું. આગામી થોડા સપ્તાહમાં જ નિર્ણય લેવામાં આવશે તો અમે મધ્યસ્થી રહીશું. જો નિર્ણય નહીં લેવાય તો અમે બહાર નીકળી જઈશઉં. અમારે અન્ય પ્રાથમિકતાઓ પર પણ ધ્યાન આપવુ પડશે. રૂબિયોએ પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત બાદ આ નિવેદન આપ્યું હતું.રૂબિયોએ જણાવ્યું કે, ટ્રમ્પ હજી પણ આ કરારમાં રૂચિ ધરાવે છે. પરંતુ તેમાં કોઈ સફળતા મળી રહી નથી. જેથી તેઓ પીછેહટ કરવા તૈયાર છે. નોંધનીય છે, ટ્રમ્પે પોતાના ચૂંટણી અભિયાન દરમિયાન પોતાના પ્રમુખ બન્યાના ૨૪ કલાકની અંદર યુદ્ધ સમાપ્ત કરવાનું વચન આપ્યું હતું. પરંતુ હજી સુધી આ મામલે કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. અનેક પડકારો વધતાં તેમણે એપ્રિલથી મે સુધીમાં આ યુદ્ધમાં શાંતિ કરાર કરવાની ભલામણ કરી હતી.ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ રશિયા પર શાંતિ કરાર મંત્રણામાં રોડા નાખી રહ્યુ હોવાનો આરોપ મૂક્યો હતો. તેમજ ધમકી પણ આપી હતી કે, જો રશિયા સીઝફાયરના પ્રયાસોમાં રોડા નાખશે તો તેઓ રશિયન ક્રૂડ પર ૨૫થી ૫૦ ટકા ટેરિફ લાદશે. વધુમાં હાલમાં જ રશિયા દ્વારા યુક્રેનના સુમી શહેરમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલાની પણ નિંદા કરી હતી. ટ્રમ્પે આ હુમલાને અયોગ્ય અને નિંદનીય પુરવાર કર્યો હતો. જેમાં ૩૪ લોકો માર્યા ગયા હતાં. તેમજ ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## ડિસ્ટ્રીક્ટ બેન્કના આક્ષેપિત ભરતી કૌભાંડમાં ભાજપ સાથે કોંગ્રેસની પણ ભાગબટાઈ !

ભાવનગરઃ ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેન્કમાં આક્ષેપિત ભરતી કૌભાંડનું ભુત ફરી ધુણ્યું છે.ક્લાર્કની ભરતીમાં બેન્કના હોદ્દેદારો, ભાજપના માજી ધારાસભ્ય સહિતના નેતાઓની સાથે કોંગ્રેસના નેતાઓએ તેમના સગા-સબંધીઓની ગોઠવણ કરી ભાગબટાઈથી સમગ્ર કૌભાંડ આચરાયું હોવાનો વિદ્યાર્થી નેતાએ ગંભીર આક્ષેપ કર્યો છે. તેમણે સમગ્ર પ્રકરણમાં જિલ્લા રજિસ્ટ્રાર તપાસના નામે ડીડક ચલાવી રહ્યા હોવાનો પણ સણસણતો આક્ષેપ કરતાં વિવાદીત બેન્ક ભરતીમાં નવો વળાંક આવ્યો છે. ભાવનગર ડિસ્ટ્રીક્ટ કો-ઓપરેટિવ બેન્કની ક્લાર્કની ભરતીમાં સગાવાદ,પરિવારવાદનો લુણો લગાડી બેન્કના હોદ્દેદારો, ભાજપના નેતાઓએ તેમના પુત્રો, ભાણેજ-ભત્રીજાઓને નોકરીમાં ગોઠવી દીધાના આક્ષેપ સાથે ગત ૨૫મી માર્ચે યુવા અધિકાર ન્યાય ચળવળના નેજા હેઠળ વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ જિલ્લા રજિસ્ટ્રારને પુરાવા અને કૌભાંડથી નોકરી મેળવનાર લોકોની યાદી સાથેનું લિસ્ટ આપી તપાસની માંગ કરી હતી.

# બે પગવાળા ચાર પગવાળાની વિરુદ્ધ આરોપો મુકીને વાટ લગાડે છે!

અમે ઉંદરડાના દર પાસે ચોકલેટ, બિસ્કીટ, પાપડી,રોટલી મુકયા. ચોકલેટની સુગંધથી ઉંદરરાજ દરની બહાર આવ્યા. આમતેમ દોડી આંખો પટપટાવી, મૂંછો ઉંચીનીચી કરી ચોકલેટ ઝાપટવા માંડ્યા .

‘ હાય, આઈ એમ ગિરધરલાલ. ચીફ રિપોર્ટર ઓફ બખડજંતર ચેનલ. આ રાજુ રદી અમારો કેમેરામેન છે. અમે તમારી સાથે સંવાદ કરવા આવ્યા છીએ. તમારું નામ શું છે? ‘ અમે વાતચીતનો આરંભ કર્યો.

‘ અમારે તમારી જેમ સ્પેશિયલ નામ હોતા નથી. એટલે જ અમે લગ્નની કંકોતરી લખતા નથી!’ મૂષકે જવાબ આપ્યો.

‘ તમે બહુ ભારાડી છો એવો તમારા પર આરોપ છે’ અમે સવાલ કર્યો.

‘ સાહેબ, સાચું કહેજો. જો કે, તમે મિડીયામેન તમારી માના સમ ખાઈને પણ કયાં સાચું કહો છો! તમે બિકાઉ મિડીયા છો, ખોળા માધ્યમો છો. શું એ વાત સાચી છે? રેટ યાને ચૂહા વોન્ટસ ટુ નો!’ એમ કહી મૂષકરાજ નાચવા લાગ્યા. ડાન્સમાં જહોની વોકર કે જહોની લિવરની અસર હતી તે અને ડાન્સ ઈન્ડિયા રિયાલિટી શોના જજ હોવા છતા જજ કરી શકયા નહી!

‘ એ ઉંદર, આરોપ, આક્ષેપ, સવાલ પૂછવાનું કામ અમારું છે. અમારા પર આરોપ મુકી અમારા પેટ પર લાત ન માર!’ અમે લાલ આંખ કરી ઉંદરને ખખડાવ્યો.

‘ સાહેબ, અમારા પર ટોમે એટલે કે બિલાડીએ આક્ષેપ કર્યો છે? એના ગળે ઘંટ બાંધવો જ પડશે!’ મૂષકે નિર્ણયાત્મક નિવાદથી નિશ્ચય વ્યક્ત કર્યો.

‘અરે ઓ , મૂષક.તમે ગજાનન ગણપતિના વાહન છો એ અમે મને કમને સ્વીકારી લીધું. તેનો અર્થ એ નથી કે તમને ગમે તેવો ઉત્પાત મચાવવાનું લાયસન્સ મળી ગયું!’ અમે ફરીવાર મૂષક પર ગુસ્સો ઉતાર્યો.

‘ સર, સર, સર , શાંત થાવ. તમે કેમ અમારા પર ખફા ખફા છો? અમે તમને ફૂંકી ફૂંકીને કયાં કરડ્યા છીએ?’ ભોટ દેખાતો ઉંદરડો ચાલાક હતો!

‘ અરે તમે લોકોના કપડા, અનાજ, કાગળિયા, રૂપિયા , વાનગી કાતરી ખાવ છો? તમે ગમે ત્યાં મળમૂત્ર વિસર્જન કરી ગંદકી કરો છો. જગન્નાથ મંદિરના ગર્ભગૃહમાં તમારા ત્રાસથી પૂજારી અને સ્વયં ભગવાન જગન્નાથ નારાજ છે!તમે ખખજભભજ કરીને લોકોને ત્રાહિમામ પોકારાવો છો!’ અમે ઉંદર સામે આરોપનામું બજાવ્યું,

‘ એ બધુ પાપી પેટનું કારસ્તાન છે. તમે કદી અમારો વિચાર કર્યો છે? તમે તમારા ભોજનમાંથી ગો ગ્રાસ, શ્વાન ગ્રાસ કાઢો છો. તમે કીડીયારું પૂરો છો? પરંતું, અમને યાદ કર્યા? અમે તો ભગવાન ગણપતિ સાથે હોવા છતાં કદી મોદક આરોગી શકતા નથી..અમારા લીધે તો બુલડોઝર પ્રદેશમાં અમને પકડવા માટે ઉંદર દીઠ તેંતાલીસ હજાર રૂપિયા તમે ઘરભેગા કરેલા. તમારું ઉદર અમારા ઉદર કરતા કેટલું મોટું છે કે ખાતા ખાતા કદી ભરાતું જ નથી?’ મૂષકે માનવજાત પર તહોમતનામું મુકયું. નક્કી ઉંદરડો ખરલ ચાટી ગયો હોવો જોઈએ!

‘ તમે લોકો, ગટરના પાઈપમાંથી ઘરમાં આવજા કરો છો. તમે ઘરમાં બાકોરું પાડી શકતા નથી.છતાં, તમે લોકો સારંગપુરના થાંભલા કોતરી ખાવ છો, સિંચાઈની કેનાલમાં ગાબડા પાડો છો. તમે ઉંદરો વિકાસ વિરોધી છો. તમે ખાવ છો અને ખાવા દો છો.તમે રાષ્ટ્રદ્રોહી છો.’ અમે ઉંદર પર વધુ ચાર્જશીટ ફાઈલ કરી .

‘ સાહેબ, બે પગવાળા અમારા જેવા ચોપગા પર આરોપ કરી તેમણે કરેલ કૌભાંડ, ભ્રષ્ટાચાર , ગોટાળા પર પડદો પાડે છે. હવે તો અમારા દાંત પણ પહેલાં જેવા ધારદાર છે?’ આ તો છીંડે ચડ્યો ઉંદર ને ભાગી ગયો તે છછૂંદર જેવો ઘાટ છે!’ ઉંદરે બચાવનામુ રજૂ કર્યું.

‘ તમે ગુજરાત તો સમજ્યા પરંતું, બિહારમાં પણ ગુલ ખિલાવ્યા છે. બિહારના એક પોલિસ સ્ટેશનમાં દારૂની રેઈડમાં મળેલ ત્રણ કરોડ રૂપિયાના શરાબની બોટલ મુદ્દામાલ તરીકે રાખવામાં આવેલ હતી. શરાબ અંગેનો કેસ અદાલતમાં ચાલતો હતો. જ્યારે કોર્ટે મુદ્દામાલ રજૂ કરવા આદેશ કર્યો. પરંતુ,પોલીસે રૂપિયા ત્રણ કરોડ રૂપિયાનો દારૂ તમે ખરલ ચાટવાને બદલે ગટગટાવી ગયા તેમ કોર્ટને કહ્યું. આટલો પિયકકડ તો જહોની વોકર પણ નહીં હોય? તમે તો પાણી પણ પીતા નહીં હો તેમ લાગે છે!’ અમે ઉંદરની એક વધુ પોલ ખોલી.

‘ રિપોર્ટર બાબુ, તમે કદી પોલીસ સ્ટેશન ગયા છો? મુદ્દામાલ રૂમમાં ગયા છો? આ મુદ્દામાલ રૂમ કબાડી બજાર કરતાં બદતર હોય છે. અમારે પણ ટેસ્ટ જેવું હોય કે નહીં? અમારે ડ્રિન્ક કરવું હોય તો બાર કે રેસ્ટોરેન્ટમાં જઈને ટેબલખુરશી પર બેસીને લિજ્જતથી મદ્યપાન ન કરીએ? બે પગવાળા દારૂ પી ગયા અને અમારા પર આરોપ લગાવે છે. અમારી ઉંદર આલમ સાત ભવમાં પણ ત્રણ કરોડનો દાર પી ન શકે?’ ઉંદરડાએ તાલ ઠોકીને કહ્યું . એના કથનમાં સત્યને કંચન રણકો જણાતો હતો!

‘ ઝારખંડના રાંચી જિલ્લામાં બે હજાર અઢારની સાલમાં અંક છાપો પાડવામાં આવેલ. તેમાં ઘટનાસ્થળેથી ઓગણીસ કિલો ગાંજો મળેલ. જે મુદ્દામાલરૂમમાં રાખેલ.કોર્ટે મુદ્દામાલ કોર્ટમાં રજૂ કરવા હમણા સૂચના આપી .પોલીસે કોર્ટમાં કહ્યું કે ઓગણીસ કિલો ગાંજો મળતો નથી. મુદ્દામાલરૂમની આજુબાજુ ઉંદરોનો ત્રાસ ખૂબ છે. અમને છીછરી તપાસના અંતે ઉંદરો પર શક છે. ઉંદરો તમામ ગાંજો ખાઈ ગયા છે. જો કે કોર્ટને આ ખુલાસો ગળે ઉતર્યો નથી!’ અમે લેટેસ્ટ ઘટનાના તાર મૂષક સાથે જોડ્યા .

‘ અમે કે અમારા નાતભાઈએ ગાંજો કે ભાંગને દાંત પણ લગાડ્યો નથી કે મોઢું માર્યું નથી!અમે નેતાની માફક ગમે ત્યાં મોઢું મારવાની ટેવ ધરાવતા નથી!અમે કોર્ટમાં કાઉન્ટર એફિડેવિટ કરવા તૈયાર છીએ.કોર્ટને યોગ્ય લાગે તો અમારા પેટનો એફએસએલ ટેસ્ટ કરાવે. બ્રેક એનાલીસીસ કરાવે? નહિંતર સિપઈડાનો ટેસ્ટ કરાવે એટલે દૂધનું દૂધ અને ગાંજાનો ગાંજો થઈ જશે. અમે નાર્કોટિક ટેસ્ટ કરાવવા રેડી છીએ, પરંતું, અમારી ચામડી પર દાગ સહન નહીં કરીએ!’ આટલું બોલીને મૂષકરાજ ગ્લિસરીન વગર ચોધાર આંસુએ રડી પડયા!

મને લાગે છે કે આવી ઘટનામાં બે પગવાળા ચોર પગવાળાની વાટ લગાડી દે છે!શુ કહો છો અભિયુક્ત મહોદય?

ભરત વૈષ્ણવ

# સહકારીતા અને યુવાનોનું સ્વર્ણિમ ભવિષ્ય ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય - બીજ વાવશે, ઉગશે અને ઉગારશે



પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનાં માર્ગદર્શન અને નેતૃત્વમાં અને દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના વડપણ તળે ભારત સરકારનું નું ક્રાંતિકારી કદમ.

આ વિશ્વવિદ્યાલય સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

આ વિશ્વવિદ્યાલય ભારતમાં સહકારી આર્થિક આંદોલનને સુવર્ણ યુગમાં પ્રવેશ અપાવનાર ઐતિહાસીક કદમ સાબીત થશે.

**– દિલીપ સંઘાણી, અધ્યક્ષ NCUI, IFFCO, GUJCOMASOL અને પૂર્વ મંત્રી ગુજરાત.**

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જીના નેતૃત્વમાં દેશના પ્રથમ સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ નવા સહકાર મંત્રાલય ની જવાબદારી સંભાળી રહ્યા છે. ભારતમાં સહકારી આંદોલનને નવી દિશા આપવી અને યુવાનો માટે રોજગારીના નવા અવસરો ઊભા કરવાના હેતુથી ભારત સરકારે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય" ની સ્થાપનાનું સૂચન કર્યું હતું. આજે એ સપનું સાકાર થયું છે, કારણ કે "ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય બિલ" લોકસભા અને રાજયસભા બંનેમા પાસ થઈ ચુક્યું છે. વધુમાં આ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિની પણ નિમણુક થઈ ગયેલ છે. આ વિશ્વવિદ્યાલય માત્ર સહકારી શિક્ષણ, સંશોધન અને તાલીમને વેગ આપશે એટલું જ નહીં, પણ સમગ્ર સહકારી ક્ષેત્રને વધુ વ્યાવસાયિક અને અસરકારક બનાવવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

સમગ્ર વિશ્વ સહકારીતાના શ્વાસોશ્વાસ થી સભર છે, સહકારના ઉદ્ગમને પીછાણવાનો પ્રયાસ પૂર્ણ હોય પણ ન શકે તેમ છતા સને.૧૯૦૪ માં ઔપચારીક સમિતિઓના ગઠન સાથે નિતી–નિયમોના પ્રારંભનો પથ કહી શકાય. ભારત પાસે સહકારીતાનો જૂનો અને મજબૂત વારસો છે જે દેશના વિકાસને અને સામાજીક જીવનધોરણને સ્પર્શે છે. સહકારી પ્રવૃતિ લોકાભિમુખ જરૂર છે, યુવા શકિતને આવકારી રહી છે, બદલાવ ઈચ્છી રહેલ છે. સહકાર સામાજીક ઉત્થાનનુ અંગ છે અને તેથી આપણા જનપ્રિય પ્રધાનમંત્રી માન.શ્રી નરેન્દ્રભાઈ મોદી અને સહકાર મંત્રી માન.શ્રી અમીતભાઈ શાહ ભારતની સહકારી પ્રવૃતિને ભાર આપી રહ્યા છે. તેમના કુશળ અને સક્ષમ નેતૃત્વમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ દેશની સર્વ પ્રથમ "ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય'' ની સ્થાપના ગુજરાતની ભૂમિ ઉપર સાકાર થવા જઈ રહેલ છે તે બદલ સરકાર અને સહકાર અભિનંદનિય છે. આ ક્ષેત્ર આપણું સૌનું છે આપણે સૌ તેમા સંકળાયેલ છીએ.... સમાયેલ છીએ.... સહયોગી છીએ....

વ્યાવસાયીક શિક્ષણની ઉણપ ને કારણે યુવાનો સહકારની નજીક આવી શકતા ન હોવાથી આ ઉણપ દૂર કરવા ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય યુવાનોને સહકારી તાલીમ, પ્રચાર, શિક્ષણ, માર્કેટિંગ, ડીજીટલ શિક્ષણ, મંડળી વ્યવસ્થાપન વિગેરેનું જ્ઞાન આ વિશ્વવિદ્યાલયમા મેળવી શકશે. યુવા તાલીમ ના માધ્યમથી સહકાર ક્ષેત્ર હવે કોર્પોરેટ સેકટર સાથે વ્યવસાયીક તાલમેલ સાધવા સક્ષમ બની રહેલ છે તેનું એકમાત્ર કારણ સહકાર ને વેગ અને સહકારમા યુવાનોનું પર્દાપણ છે.


ગુજરાતની સહકારી પ્રવૃતિ અનેક દિવંગત અને વર્તમાન મહાનુભાવોની પ્રવૃતિથી ઓજસ્વી છે તેમા હવે ભારતની યુવા પ્રતિભાઓ સહકારી ડિગ્રી પ્રાપ્ત કરવાનું માધ્યમ પણ આ વિશ્વવિદ્યાલય બની રહેશે જેનો આનંદ ગુજરાતી હોવાના નાતે અનહદ થાય છે. પ્રાચીન કૌટિલ્યના અર્થશાસ્ત્રમા સહકાર એ ગામડાનું નાણું તરીકે ઓળખાય છે.

સહકારી અને સાર્વજનીક વિકાસમા યુવાનોને હિસ્સેદાર બનાવવા તેમને પડતી અનેક મુશ્કેલીઓ માંથી બહાર લાવવા અને સ્વાવલંબી જીવનશૈલી આત્મનિર્ભર વ્યવસાય માટે પ્રયાસ ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય “સહકાર થી સમૃધ્ધિનો’’ માર્ગ બનશે જેમા પશુપાલન, ડેરી, મત્સ્યોદ્યોગ, મધ ઉછેર અને ગૃહ ઉદ્યોગ જેવી અનેક પ્રવૃતિઓ દ્વારા ગ્રામ્ય વિસ્તારમાં જાગૃતિ કેળવી શકાશે. જેના થકી અસંખ્ય યુવાનો પગભર બની રહેશે વિશ્વવિદ્યાલયના ડિગ્રી શિક્ષણમા યુવાનોની સામેલગીરી સહકારને નવી શક્તિ પ્રદાન કરશે. ભારત સરકારનું લક્ષ્ય છે – વિકસિત ભારત ૨૦૪૭. આ ઉદ્દેશ પ્રાપ્ત કરવા સહકારી ક્ષેત્ર મહત્વપૂર્ણ સહયોગ આપશે.

ત્રિભુવન સહકારી વિશ્વવિદ્યાલય સહકારી આંદોલન માટે એક ઐતિહાસિક પગલું સાબિત થશે. આ વિશ્વવિદ્યાલય સહકારી શિક્ષણને એક નવી ઊંચાઈ સુધી લઈ જશે, જેના કારણે સહકારી સંસ્થાઓનું કાર્ય વધુ વ્યવસાયિક, આધુનિક અને અસરકારક બનશે.

૧૯૨૧ મા આંધ્રપ્રદેશમાં ગાંધીજીની મૂલાકાત બાદ દુર્ગાબાઈના પરિવારે હાથે વણેલી ખાદી પહેરવાનું શરૂ કર્યું, સ્વદેશી કપડા તૈયાર થયા, લોકો ખરીદી કરવા લાગ્યા, ગામડાને રોજગારી મળી અંતે સ્વદેશી કપડા એટલા પ્રસિધ્ધ થયા કે કાપડ ઉત્પાદન કરતી વિદેશી કંપની દુર્ગાબાઈને મળીને તેમનામાંથી પ્રેરણા મેળવી. આ છે ગુજરાતની શક્તિશાળી સહકારી પ્રવૃતિ જને હવે સમગ્ર દેશમાં નવી દિશા આપવાનું કામ કરશે ત્રિભૂવન સહકારી વિશ્વવિદ્યાલય. અમૂલ, ઈફકો, ગુજકોમાસોલ વિ. જેવી સંસ્થાઓ સહકારી આંદોલનના સફળ ઉદાહરણો છે.ભારત વૈશ્વિક નેતા તરીકે ઉભરી આવી રહ્યું છે તેનુ કારણ વિશ્વના અન્ય દેશોના વિકાસ માટે એક પ્રેરણાદાયી માળખા તરીકે સહકાર કામ કરી રહેલ છે. માનનીય પ્રધાનમંત્રી નું સુત્ર ‘‘સહકાર થી સમૃધ્ધી’’ ભારત સહિત વિશ્વ સ્વિકૃત બન્યું છે. દેશની સર્વપ્રથમ સહકારી વિશ્વવિદ્યાલય યુવા શક્તિમા સહકારી શિક્ષણના બીજ રોપશે જે લાંબાગાળે ઉગશે અને આપણને ઉગારશે

## ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા દરમિયાન મગરે દેખા દીધી,છતાં લોકો નદીમાં સ્નાનનું જોખમ ઉઠાવી રહ્યા છે




વડોદરા નજીક ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા દરમિયાન હજારો પરિક્રમાવાસીઓ ઉમટી રહ્યા છે ત્યારે મગરે દેખા દીધી છે અને તેનો વિડીયો પણ વાયરલ થયો છે. વડોદરા નજીક નર્મદા જિલ્લામાં રામપુરા તેમજ તિલકવાડા ખાતે ચૈત્ર મહિના દરમિયાન ઉત્તર વાહિની નર્મદા પરિક્રમાનું વિશેષ મહાત્મય હોવાથી ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ તેમજ દક્ષિણ ભારતના પરિક્રમાવાસીઓ મોટી સંખ્યામાં આવી રહ્યા છે. પરિક્રમાવાસીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈ વહીવટી તંત્ર દ્વારા અનેક સ્થળે મગરો હોવાથી નદી સ્નાન નહી કરવા માટે ચેતવણીના બોર્ડ મૂકવામાં આવ્યા છે.

જે દરમિયાન તાજેતરમાં એક મગર નદીમાં ફરતો જોવા મળ્યો હતો અને તેનો વિડીયો પણ વાયરલ થયો છે. આમ છતાં કેટલાક સ્થળોએ પરિક્રમાવાસીઓ નદી સ્નાન કરી રહ્યા હોવાથી તેમના જાનનું જોખમ વધ્યું છે.વહીવટી તંત્રએ પરિક્રમાવાસીઓને જુદા-જુદા ઘાટ ઉપર બનાવવામાં આવેલા સ્નાનાગૃહમાં જ સ્નાન કરવા અપીલ કરી છે. આ સ્નાનાગૃહમાં પણ નર્મદા નદીમાંથી જ લીધેલું પાણી આવતું હોવાથી તેનું પણ એટલું જ મહત્વ છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




### NOG SS NO-195
વિષયઃ- જન્મ દિવસ
શીર્ષકઃ- "જન્મદિન નું મહત્ત્વ"
પ્રકારઃ- પદ્ય શબ્દઃ- ૮૨

દિવસ તો બધાં સરખાં પણ કંઈક વિશેષ છે,
અવનિ ઉપર અવતરણ એજ સવિશેષ છે.

જન્મ ને મરણની વાત શી કરવી વહાલાં,
જન્મદિવસમાં જીવનનુ કંઈક તો વિશેષ છે.

આવ્યા છીએ તો અહીં જવાનું કહીં તહીં,
અવતરણના જ 'અમૃત" અહીં અવશેષ છે.

એક એક દિન ઘટયો ને ઘટી રહી ઘટમાળ,
કાચી માટીનુ આ કોડિયું ખાલી પહેરવેશ છે.

ઉજવણી કરો ઉર્વિ ઉપર જન્મદિન જક્કાસ,
ખુશી ખોરડે ને ખોળીયે ખમખમ તો ખેશ છે.

જન્મદિવસ તો જગતમાં જશે ને આવશે,
નારાયણને જો નહી ભજો તો નામશેષ છે.
અમૃત શ્રીમાળી ..મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO: 334
વિષયઃ જન્મ દિવસ
શીર્ષકઃ પૌત્રનો જન્મ દિવસ.
પ્રકારઃ પદ્ય શબ્દોઃ ૮૦

અરે! મારા પ્રિય વત્સલ લાડલા પુત્રના પુત્ર,
ધરા અવતરણ સમયે ખુશીઓ તું ભરી દેજે.

ઓવારણાં લેશે આવીને સૌ સ્નેહીજનો,
કુળદીપક બની તારું જીવન દીપાવી દેજે.

વૃદ્ધિગત થઈ સદા માટે તું હસતો રહેજે,
સૂરજની જેમ સદાયે ઝળહળી તું રહેજે.

કરી જાજે એવા કામો કે લોકો યાદ કર્યા કરે,
આત્મબળના જોરે તું પ્રગતિ કરતો રહેજે.

અવરોધો આવશે ઘણા નાસીપાસ થાતો ના,
પડકારો હોંશથી ઝીલી સફર પાર કરી જાજે.

લક્ષ્યને વળગી રહેજે કદી પાછીપાની કરતો ના,
જીવનના કડવા અનુભવો પ્રેમથી તું સહી લેજે.

મહેશભાઈ રાઠોડ' સ્નેહદીપ'હિંમતનગરઃ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No :-168
વિષયઃ-જન્મદિવસ
શીર્ષકઃ-જન્મદિવસ પર એક વૃક્ષ રોપવું
પ્રકારઃ-ગદ્ય શબ્દ ૩૪૯

જન્મદિવસ કોનું ઉજવવું... શરીરનું કે આત્માનું..? શરીર તો આત્માનું એક પિંજરું છે . જે આત્મા પિંજરામાં નિવાસ કરે છે. આત્મા જ ગર્ભમાં શરીર પ્રાપ્ત કરી જન્મ લઈ શરીરનું નામ ધારણ કરે છે.એ નામ (વ્યક્તિ) નેં ધ્યાનમાં રાખી વર્ષે સગાં સંબંધી સ્નેહીઓ મિત્રો સમૂહ માં મળી જન્મદિવસ ઉજવતાં હોય છે. અને જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવતાં હોય છે. મોટામાં મોટી વિડંબણા એ છે કે જેમનો જન્મ દિવસ ઉજવવામાં આવે છે તે વ્યક્તિ માટે એક મોટો કેક બનાવડાવી કેકમાં એક સળગતી મીણબત્તી પ્રગટાવીને મૂકવામાં આવે છે. અને જેમનો જન્મદિવસ છે એ વ્યક્તિ સળગતી મીણબત્તીને ફુંક મારી ઓલવી દે છે.!! બાદમાં ઉપસ્થિત આત્મન નાં મોંમાંથી વાહ વાહ નાં ઉદગાર સ્વરૂપે હેપ્પી બર્થ ડે ટુ યુ શબ્દોનો વરસાદ તૂટી પડે છે. ખરેખર મારી દ્રષ્ટિએ મીણબત્તીને ફુંક મારી ઓલવી દેવાની પ્રથાને અશુભ કહેવાય છે .મીણબત્તીને સળગતી રાખવી શુભ સંકેત છે. મીણબત્તી સળગતી રહે... એનો મતલબ એમાં એમ થાય છે કે જે વ્યક્તિનો જન્મદિવસ છે એનાં જીવનમાં ક્યારેય અંધકાર નાં પથરાય અને તે સદાય માટે હેલ્થી વેલ્થી હેપ્પી રહે, એજ શુભકામનાઓ સાથે જન્મદિવસની ઉજવણી કરવામાં આવે છે. જોવાં જઈએ તો કોઈપણ ધર્મ સ્થળે કે શુભ કાર્યમાં દીવો ફૂંક મારીને બુઝાવી દેવામાં નથી આવતો.

આત્મા સુક્ષ્મ હોય એને જોઈ શકાતું નથી. અને શરીર ને જોઈ શકાય છે. એથી નામ રૂપ શરીરનો જન્મ દિવસ ઉજવવામાં આવે છે.અને સારી એવી નાની મોટી સોગાત આપવામાં આવે છે. જેથી નામધારી નું સન્માન થાય અને લાગણી મોહ માયા આશક્તિ નાં સંબંધ જળવાઈ રહે. આત્મા જ સર્વોપરી હોય જન્મદિવસે આત્માનું કલ્યાણ થાય એવું કાર્ય કરવું જોઈએ.

જન્મદિવસ પરમપિતા પરમાત્મા શિવ ની યાદમાં ઉજવવું યોગ્ય લેખાશે. આજે વિશ્વમાં સમગ્ર પર્યાવરણ ઉપર સંકટનાં વાદળો ઘેરાયેલાં છે. જંગલોનું સ્વાર્થમાં નિકંદન થઈ રહ્યું છે.આ કારણ જળ સંકટ સાથે ભૌગોલિક આપદા વિપદા નો સામનો માણસ કરી રહ્યોં છે.

જરૂર છે આજે (ૐજં હીીૡીંદ્ઘ) સૌ સાથે મળી દ્રઢ સંકલ્પ કરીએ કે જન્મદિવસ પર એક એક વૃક્ષ વાવી જંગલને બચાવીએ અને માટીની રક્ષા કરી પર્યાવરણને સમૃદ્ધ બનાવીએ. તો જ આપણો જન્મદિવસ લોકો માટે એક મિશાલ બની ઉભરી આવશે અને પશુ પંખી જાનવર ને રહેવાની જગ્યા ખાવાનું ઘાસચારો અને પીવાનું પાણી મળી રહેશે. અને જંગલી જાનવરો એમનાં સ્થાન ઉપર સુરક્ષિત રહીં હરી ફરી શકશે. અને પ્રકૃતિ ખીલી ઉઠશે.
ડો કનૈયાલાલ માલી 'ઉત્સવ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS No:–335
વિષયઃ– જન્મ દિવસ
શીર્ષકઃ– ક્રુષ્ણ જન્મ
પ્રકારઃ– પદ્ય શબ્દોઃ– ૮૮

આ જેલમાં જનમિયો કાળી અંધારી મધરાતે,
હે...જન્મ થયો સાતમને સોમવારે આઠમની મધરાતે રે લોલ...

આ દેવકીજીને ખોળે રે કાળિયો આજ અવતરીયો (૨)
બનીને આવ્યો મામા તે કંસનો કાળ આઠમની મધરાતે રે લોલ...

આ યમુનાજીમાં ઉતર્યા રે કાળીયાને મેલ્યો જોને ટોપલે (૨)
કેડી એમાં પાડે ઓલો જગતનો નાથ આઠમની મધરાતે રે લોલ..

આ કાળીયાને સોંપ્યો રે નંદબાબાને હાથો–હાથ રે..(૨)
લાડકડીને લીધી વસુદેવે હાથો–હાથ આઠમની મધરાતે રે લોલ..

આજ સૂરજ ઊગ્યો સોનાનો નંદબાબાને ઘર આંગણે (૨)
મા યશોદાને હૈયે હરખ નો સમાય આઠમની મધરાતે રે લોલ...

??? બીના આહીર 'ધરતી' ભાવનગર, રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO -353
વિષય - જન્મદિવસ
શીર્ષક - મોંધા બનતાં જન્મદિવસ
પ્રકાર - ગદ્ય શબ્દો - ૩૫૦

જન્મદિવસ એટલે આ ધરતી પર આપણે માતાના ગર્ભમાંથી આવ્યા એટલે આપણો દેહ રુપે જન્મ થયો. પણ એ જન્મ દિવસ પછી આપણે વર્ષમાં આવતા એ દિવસ તારીખ ને આપણા જીવનનો જન્મનો દિવસ ખાસ દિવસ સમજી એને ઉજવીએ છીએ.પણ એ જાણતા નથી કે આપણા જીવનનો એક શ્ર્વાસ ઓછો થતો જાય છે.

પહેલાના સમયમાં જન્મદિવસ એટલે શું એજ કોઈને ખબર નહોતી કારણે કે પહેલા ક્યાં કોઈને એમના જન્મની તારીખ ખાસ યાદ રહેતી ને એમ જ દિવસ જતો રહેતો પણ જો યાદ હોય તો એ દિવસે પહેલા માતાપિતા ના આશીર્વાદ લેતા એ પછી મંદિર જતાં યથા શક્તિ જરુરીયાત વ્યક્તિને દાન આપતા.વડીલોના આશિર્વાદ લેતા ને પછી ઘરે દીવો કરી ઈશ્ર્વરને કહેતા કે પ્રભુ અમારા જીવનમાં સદાય જ્ઞાનનું અજવાળું પાથરતો રાખજે ને જીવનમાં સફળતા દે છે.એ દિવસ આપણે સૌ સાથે આનંદથી રહેતા ઘરે મમ્મી મીઠાઈ બનાવે ને બધા આનંદથી જમતા એવો જન્મદિવસ મનાવતાં એમાં કંઈક આનંદ જ અલગ હતો અંતરને શાંતિ થતી ભલે કોઈ ભેટ આપે કે ન આપે પણ એ આનંદ કંઈક અલગ હતો.એ દિવસે નવા સંકલ્પો સાથે નવી જ સવાર થતી.

હાલના યુગમાં જન્મદિવસ માં પહેલા તો મોંધા ખર્ચ કરી હોટલમાં ઉજવે કેક કાપે મીણબત્તી ઓલવી નાખે એટલે એમ કે સદાય જીવનમાં અંધકાર રહે વડીલોના આશીર્વાદ જતાં રહ્યાં. બસ નવા કપડાં પહેરીને ફરવા જવું ને મોંધી હોટલમાં ખાવા જવું એવી રીતે જન્મદિવસ ઉજવશે ને કોઈ ભેટ ન આપે તો પાછું એની પર રીસ રાખે એટલે હાલનાં યુગમાં જન્મદિવસ એ બસ ખર્ચ કરવાનો જમાનો બની ગયો. દેખાદેખી આ હોટલમાં ઉજવે તો હું પણ એમ હોટલમાં ઉજવુ પાછું એ સ્ટેટ્સ માં મુકે ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ માં મુકે એટલે લોકો જોવે કે કેવો જન્મદિવસ ઉજવ્યો છે.

હાલતો દેખાદેખી વધી ગઈ છે.જન્મદિવસ એ ખર્ચાળ બની ગયો.હવે એવો મમ્મી મીઠાઈ બનાવતી ને બધા સાથે બેસીને જમતા એ જમાનો જતો રહ્યો એ ભાવ જતો રહ્યો હવે તો હોટલમાં ન જાય ત્યાં સુધી જન્મદિવસ મનાવ્યો ન ગણાય ને મોંધા કપડાં ન લે કોઈવાર મોબાઈલ નં લે કે કોઈ વસ્તુ ના લે ત્યાં સુધી જન્મદિવસ એમનો ઉજવ્યો ન ગણાય. આધુનિક યુગમાં હવે બસ દેખાડા વધી ગયા લોકો જોવે કે કેવી રીતે અમે જન્મદિવસ મનાવીએ ભલે પૈસો ઓછો પણ બહાર ભભકો વધારે બતાવીએ એવા જન્મદિવસ ઉજવી રહ્યા છે.મોધા બનતા જાત છે જન્મદિવસ.
લિ - સોલંકી પ્રકાશકુમાર મનુભાઈ "એકાંત""વૈરાગી"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO-384.
વિષયઃ જન્મ દિવસ. પ્રકાર : ગદ્ય શબ્દો ૧૭૦. શીર્ષકઃનિત્ય જન્મ દિવસની કરીએ ઉજવણી.

જન્મ દિવસ આ બન્ને શબ્દોને છુટા પાડીને વાંચવામાં આવે તો જન્મ નિશ્ચિત છે દિવસ પણ નિશ્ચિત છે, પણ જે દિવસે અવતરણ થાય તે દિવસ તો એક જ છે આમ, ઊંડા ઊતરીને પ્રકાશ પાડીએ તો રોજ વ્યકિતનો જન્મ થાય છે સાંજે સૂતી વખતે આ કાયાને ભગવાનને સોંપી દેવામાં આવે છે અને સવારે પરમાત્મા ફરી નવું જીવન આપે છે અને દોટ મૂકીને આપણે રોજિંદા કામમાં લાગી જઈએ છીએ આપણે રોજ નવો જન્મ લઈએ છીએ અને રોજ સાંજે પ્રભુને આ કાયા સોંપી દઈએ છીએ. આપણે ભગવાન નો આભાર વ્યકત કરવો જોઈએ. અને પુનર્જન્મના કર્મો ને લીધે ફરી આ જન્મ માં સારા કર્મો કરવા પ્રેરીત થઈએ છીએ. આ સાચા અર્થમાં જન્મ દિવસ માનવો જોઈએ. બીજી રીતે જોઈએ તો આપણા જીવનમાંથી કંઈ વિશેષ નથી મેળવતા કે જન્મ દિવસ ઊજવી ને કેક કાપીને મીણબત્તી સળગાવી ફરી ફુંક મારી તેને બુઝાવીને અંધકારમય બનાવીએ છીએ. જો સાચે જ ઉજવળ ભવિષ્ય ને પામવું હોય તો દિલના દીવાને પ્રગટાવી પ્રકાશને પ્રકાશિત થવા દેવો જોઈએ. બાકી દર વર્ષે આવનાર જન્મ દિવસ જીવનનું એક વર્ષ ઘટાડે છે.
ડૉ સતિષ એસ પટેલ " પ્રકૃતિ રક્ષક" અમદાવાદ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

### NOG SS NO 184
વિષય :-જન્મદિવસ
શીર્ષક :-શુભેચ્છા કથા
પ્રકાર :- ગધ - શબ્દ :-૩૪૦

જન્મદિવસ એ વ્યક્તિની જિંદગીનો એક ખાસ દિવસ હોય છે. ઈ.સ. ૧૯૯૪માં હું કડી જુનિયર ચેમ્બરનો ( જેસીસ ) નો પ્રમુખ બનેલ. એ વર્ષે કડી જુનિયર ચેમ્બર દ્વારા એક સ્લોગન ( એ યર ઓફ કોમ્યુનિકેશન - છર્રૄઝ ) આપવામાં આવેલ. સતત કોમ્યુનિકેશનમાં મેં રાજ્ય તથા રાષ્ટ્રીય સ્તર પર મોટા ભાગના રેકોર્ડ સ્થાપેલ. મારા આપેલા સ્લોગન મુજબ મેં તમામ સભ્યોને વર્ષ દરમિયાન પોસ્ટકાર્ડ દ્વારા એમના જન્મદિવસની શુભેચ્છાઓ આપેલ. એક નવા અભિગમની એ શરૂઆત હતી. જાણે અજાણે સંપર્કમાં આવતા સૌ કોઈને એમના જન્મદિવસની શુભેચ્છા પાઠવવી એ નિત્યક્રમ થઈ ગયો.

૧૯૯૪ થી આજપર્યંત હું સતત મોટા ભાગના મિત્રો/ શુભેચ્છકો/ જે તે ગૃપના સાથીઓ/ સંબંધીઓને મહદંશે રાત્રે ૧૨.૦૦ થી ૧૨.૩૯ સુધીમાં જન્મદિવસની શુભેચ્છા પાઠવું છું. આ મનગમતો નિત્યક્રમ સારા નરસા અનુભવોનું માધ્યમ બની ગયો.

★ મોટા ભાગના લોકો તેમને પાઠવેલ શુભેચ્છાનો પ્રતિભાવ આપવામાં બહુ જ ઉદાસીન હોય છે. ક્યારેક તો બે ત્રણ દિવસે જવાબ આપે છે. જો કે હું સતત બે-ત્રણ વર્ષ સુધી પ્રતિભાવ ના આપે એવી વ્યક્તિને શુભેચ્છા પાઠવવાનું બંધ કરી દઉં છું.

★ જો કે કેટલાક ચોક્કસ મિત્રો એકદમ ઉષ્માસભર પ્રતિભાવ આપે છે. અને તેઓ પણ મારા ક્રમનું પુનરાવર્તન કરી મને પણ અચૂક શુભેચ્છા પાઠવતા હોય છે.

★ સામાન્ય રીતે હોશિયાર દેખાતા, ઉચ્ચ બૌદ્ધિક વર્ગમાં ગણાતા, સારો હોદ્દો ધરાવતા અને રોજેરોજ જુદા જુદા ગૃપમાં પોતાના ૮-૧૦ મેસેજનો ઢગલો કરી નાખનાર વ્યક્તિઓ ભાગ્યે જ પાઠવેલ શુભેચ્છાની સમયસર નોંધ લેતા હોય છે.

★ હું સામાન્ય રીતે દરેકને વ્યક્તિગત મેસેજ કરી શુભેચ્છા પાઠવું છું, ગૃપમાં ટોળાબંધ મેસેજના ભરાવામાં નહીં.

★ પોતાને શુભેચ્છા પાઠવનાર વ્યક્તિના જન્મદિવસની પૃચ્છા કરનાર આટલાં વરસોમાં મને માત્ર ગણ્યાગાંઠ્યા એકી સંખ્યામાં સારા વ્યક્તિઓ મળ્યા છે એ મારી અને સૌની વક્રોક્તિ.

★ આ લેખ વાંચનાર મોટા ભાગના સ્નેહીઓ / શુભેચ્છકોને મારી જન્મદિવસની શુભેચ્છા પાઠવવાની રીત અને ઘણા બધા સ્થળો / કાર્યક્રમોમાં મારા દ્વારા આગોતરી જે તે શુભેચ્છકની જન્મદિવસની જાણ કરી હોય એના સંસ્મરણ હશે જ.

★ જુદા જુદા પ્રકારના ગ્રુપોમાં સામાન્ય રીતે જોવા મળે છે એ મુજબ જેમનો જન્મદિવસ હોય એ વ્યક્તિઓ જે તે દિવસે એમને આપવામાં આવતી ઢગલો શુભેચ્છાઓનો જવાબ આપવા માટે એ વ્યક્તિ અદ્રશ્ય હોય છે અને મોડી રાત્રે કે બીજા દિવસે દ્રશ્યમાન થઈ નાનકડો આભાર માને છે.

આસ્થા અને વ્યથાના સમન્વય થકી વિવિધ કથાઓ ડુગડુગી વગાડતી હોય એવી આ જન્મદિવસની જાજરમાન કથા છે.
હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

# ભાજપ પ્રદેશ પ્રમુખ મુદ્દે આંતરિક ખેંચતાણ, દિલ્હી તરફ નજર મંડાઈ, રાજકીય તર્કવિતર્ક શરૂ




ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષની નિમણૂકને લઇને દિલ્હીમાં પ્રધાનમંત્રી આવાસ પર દિવસભર બેઠકોનો દોર ચાલ્યો હતો. રાષ્ટ્રીય અધ્યક્ષની પસંદગી પછી તરત જ ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખનુ નામ જાહેર થાય તેવી શક્યતા જોવાઇ રહી છે .જોકે, ગુજરાતમાં ભાજપ પ્રદેશ પ્રમુખને લઇને આંતરિક ખેચતાણ જામી છે. અમિત શાહ, આનંદીબેન પટેલ અને સી.આર.પાટીલ જૂથ રાજકીય લોબિંગ કરી રહ્યુ છે. હવે કયુ જૂથ ફાવશે તે ૨૦મી પછી ખબર પડશે. અત્યારે તો સૌની નજર દિલ્હી પર નજર મંડાઇ છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાને સ્થાને કોની નિમણૂક કરવી તે મામલે કોકડુ ગૂંચવાયુ છે. આરએસએસ અને ભાજપ વચ્ચે મથ્થાપચ્ચી ચાલી રહી છે જેના કારણે મડાગાંઠ સર્જાઇ હોવાનુ ચર્ચાઇ રહ્યુ છે. આજે દિલ્હીમાં ભાજપના દિગ્ગજ નેતાઓની ઉપસ્થિતીમાં પ્રધાનમંત્રી નિવાસસ્થાને ચર્ચાનો દોર ચાલ્યો હતો. હવે કોના નામ પર પસંદગીનો કળશ ઢોળાશે તે હજુ નક્કી થઇ શક્યુ નથી. આ તરફ, ગુજરાતમાં પણ ઓબીસી નેતાને ભાજપનું સુકાન સોંપાય તેમ છે. જોકે, એવી ચર્ચા છેકે, અમિત શાહ પોતાના જૂથના વ્યક્તિને પ્રમુખ પદ અપાવવા સક્રિય થયાં છે. તો બીજી બાજુ, કેન્દ્રીય મંત્રીપદ મેળવ્યાં પછી ય સી.આર.પાટીલ ગુજરાતમાં પોતાનો રાજકીય દબદબો કાયમ રાખવા મથામણ કરી રહ્યાં છે કેમ કે, હવે પછી જે ગુજરાત પ્રદેશ પ્રમુખ આવશે તે પાટીલના માનીતાઓને જ નહી, આખી દક્ષિણ ગુજરાત લોબીને સાઇડલાઇન કરે તેવી સંભાવના પ્રવર્તી રહી છે. આ જોતાં પાટીલે પ્રદેશ પ્રમુખની નિમણૂકમાં ઉંડો રસ દાખવ્યો છે. આ ઉપરાંત પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતના આંટાફેરા વધાર્યા છે. સાથે સાથે તેમણે વડાપ્રધાન મોદી અને અમિત શાહની પણ મુલાકાત કરી છે. જે સૂચક મનાઇ રહ્યુ છે.

# નવાગામની સીમમાં જમીનનો બનાવટી દસ્તાવેજ કરતા ફરિયાદ

સુરેન્દ્રનગરઃ ચોટીલાના નવાગામ, બામણબોર ખાતે આવેલ વારસાઈ જમીનમાં ખોટા ફોટા અને ખોટી સહીઓ કરી બનાવટી દસ્તાવેજ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી છેતરપીંડી અંગે રાજકોટના ત્રંબા ગામે રહેતા બે શખ્સો સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.રાજકોટ ખાતે રહેતા ફરિયાદી અજયભાઈ ઉર્ફે મનોજ લાલજીભાઈ રાજાણીના વડીલોની નવાગામની સીમમાં આવેલ વડીલોની વારસાઈ જમીનમાં તેમના નામે ચડાવવાની હોય તેમ જણાવી કૌટુંબિક માસા ધીરૂભાઈ સામતભાઈ બાવળીયા (રહે.થાન, હાલ રહે.ત્રંબા રાજકોટ) તેમજ કૌટુંબિક મામા નરશીભાઈ ચોથાભાઈના દિકરા શૈલેષ સહિતનાઓએ અજયભાઈ, તેમના મામા અને માસીને ચોટીલા મામલતદાર ઓફિસે લઈ ગયા હતા અને




દસ્તાવેજ કરાવ્યો હતો. તે સમયે અજયભાઈના મામા અને માસી સહિતનાઓના ફોટા અને અંગુઠાની સહીઓ પણ બીજાએ કરી હોવાનું જણાવ્યું હતું. જે અંગેની ફરિયાદીને જાણ થતાં અગાઉ ચોટીલા પોલીસ મથકે આ મામલે ફરિયાદ પણ નોંધાવી હતી. પરંતુ ત્યારબાદ દસ્તાવેજની નકલ જોતા તેમાં ફરિયાદીના ફોટાને બદલે ખોટો ફોટો તેમજ ખોટી સહી તથા અંગુઠો માર્યો હતો અને ફરિયાદીના મામા નરશીભાઈ મેરામભાઈ તથા માસી જીવુબેન તેમજ ચોથીબેનના ખોટા ફોટા તથા ખોટી સહી અને અંગુઠા લગાવી બનાવટી દસ્તાવેજ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી છેતરપીંડી કરી હોવાનું જણાઈ આવતા ભોગ બનનાર ફરિયાદીએ ચોટીલા પોલીસ મથકે ધીરૂભાઈ સામતભાઈ બાવળીયા તેમજ શૈલેષભાઈ નરશીભાઈ જેસાણી (બંને રહે.ત્રંબા, રાજકોટ) સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથધરી છે.

# ૧ મેથી બંધ નહીં થાય FASTag સુવિધા

માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલયે સત્તાવાર ધોરણે ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થઈ જવાની તેમજ તેના સ્થાને સેટેલાઈટ આધારિત જીપીએસ ટોલ કલેક્શનના અહેવાલોને પાયાવિહોણા ગણાવ્યા છે. મંત્રાલયે છેલ્લા ઘણા દિવસોથી ચર્ચિત જીપીએસ આધારિત જીએનએસએસ ટોલ કલેક્શનની વાતો પર સ્પષ્ટતા કરતાં માહિતી આપી છે કે, હાલ આવી કોઈ યોજના નથી.મંત્રાલયે જણાવ્યું કે, હાલ દેશભરમાં ક્યાંય સેટેલાઈટ આધારિત ટોલ કલેક્શન સુવિધા લાગુ કરવાની યોજના નથી. માર્ગ પરિવહન અને હાઈવે મંત્રાલય તથા નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ આ મુદ્દે કોઈ નિર્ણય લીધો નથી. ૧ મે, ૨૦૨૫થી FASTag સુવિધાઓ બંધ થવાના અહેવાલો પાયાવિહોણા છે.

સરકારે પરિપત્રમાં જણાવ્યું હતું કે, સરકાર નવું પડકારમુક્ત ટોલિંગ મિકેનિઝમ અપનાવવા વિચારણા કરી રહી છે. જેમાં તે વર્તમાન FASTag ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ઓટોમેટિક નંબર પ્લેટ રિકોગ્નિશન ટેક્નોલોજી સાથે એકીકૃત કરવા પર ફોકસ કરી રહી છે. આ એડવાન્સ સિસ્ટમની મદદથી ટોલ પ્લાઝા પર કોઈપણ પ્રકારનો સમય વેડફ્યા વિના સીમલેસ વ્હિકલ મુવમેન્ટ થઈ શકશે. જેનાથી સમયની બચત અને ટ્રાફિકમાં ઘટાડો થશે. ANPR-FASTag સિસ્ટમ હાઈ-રિઝોલ્યુશન કેમેરા સાથે જોડવામાં આવશે. જે દૂરથી આવતી ગાડીની નંબર પ્લેટ વાંચી FASTagને ઓટોમેટિક ટોલ ટેક્સ વસૂલવા આદેશ આપશે. આ મોડલ હેઠળ વાહનોએ ટોલ બુથમાં રોકાવાની જરૂર પડશે નહીં. અને ઝડપથી ટોલ ટેક્સ ચૂકવાશે.

# જોખમી ૩૫ દવાનું ઉત્પાદન, વેચાણ બંધ કરવા CDSCOનો તમામ રાજ્યોને આદેશ



અત્યાર સુધી મંજૂરી વગરની દવાઓ સામે કાર્યવાહી કરવામાં આવતી હતી, જોકે હવે કેટલાક રાજ્યોએ મંજૂર કરેલી દવાઓ સામે કાર્યવાહી થઈ રહી છે. મળતા અહેવાલો મુજબ રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થા સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કંટ્રોલ ઓર્ગેનાઇઝેશને ૩૫ ફિક્સ્ડ-ડોઝ કોમ્બિનેશનનું ઉત્પાદન, વેચાણ અને વિતરણ બંધ કરવાનો આદેશ આપ્યો છે. સીડીએસસીઓએ દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને આ આદેશ જારી કર્યો છે. એવું કહેવાય છે કે, આ દવાઓ કેન્દ્ર સરકારની મંજૂરી વગર માર્કેટમાં વેચાતી હતી.

જે દવાઓ બંધ કરવાનો આદેશ અપાયો છે, તેમાં દુ:ખાવામાં રાહત આપતી, ડાયાબિટીસ અને ન્યૂટ્રિશન સપ્લીમેન્ટ્સની દવાઓ સામેલ છે. આ દવાઓમાં બે અથવા તેનાથી વધુ અસરકારક ઔષધીય ઘટકો નિર્ધારીત માત્રા મુજબ મિલાવવામાં આવે છે. CDSCOએ પ્રતિબંધ કેમ લગાવ્યો તેનું કારણ પણ સામે આવ્યું છે. એવું કહેવાય છે કે, કેટલીક રાજ્ય સરકારોએ કેન્દ્ર સરકારની મંજૂરી લીધા વગર આ દવાઓને મંજૂરી આપી દીધી હતી. રાષ્ટ્રીય નિયમનકારી સંસ્થાએ કહ્યું છે કે, આ દવાઓની તપાસ કર્યા વગર મંજૂરી આપવાથી લોકોના આરોગ્યને ગંભીર અસર પડી શકે છે. આ કારણે દવાઓ પર પ્રતિબંધ લગાવાયો છે.ફિક્સ્ડ-ડોઝ કોમ્પિનેશન દવાઓમાં બે અથવા બેથી વધુ સક્રિય ઘટક એક નિર્ધારીત માત્રામાં ભેળવવામાં આવે છે. CDSCOએ કહ્યું કે, કેટલાક રાજ્યોએ કોઈપણ સુરક્ષા અને અસરકારક બાબતોની તપાસ કર્યા વગર આ દવાઓને મંજૂરી આપી દીધી છે, જે નિયમો વિરુદ્ધ છે. દવાઓ માટે વૈજ્ઞાનિક અભ્યાસ પણ કરાયો નથી. આવી દવાઓને કારણે શરીરમાં ગંભીર અસર પડી શકે છે. ૧૧ એપ્રિલે જાહેર કરાયેલી નોટિસમાં ડ્રગ્સ કંટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયાના ડૉ.રાજીવ રઘુવંશીએ તમામ રાજ્યોના નિયામકોને આદેશ આપ્યો છે કે, તેઓ FDC દવાઓને મંજૂરી આપવાની પ્રક્રિયાની તપાસ કરે અને કાયદા મુજબ કડકાઈથી પાલન કરે. કેટલાક રાજ્યોએ કેન્દ્રીય મંજૂરી વગર આ દવાઓને લાઈસન્સ આપી દીધું છે, જેના કારણે આ નવી દવાઓ માનવામાં આવે છે, પરંતુ તે પહેલા CDSCOની મંજૂરી લેવી ફરજિયાત હોય છે.

# રાહુલ ગાંધીની કર્ણાટકમાં 'રોહિત વેમુલા ઍક્ટ' લાગુ કરવાની અપીલ, CM સિદ્ધારમૈયાને લખ્યો પત્ર

વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકના મુખ્યમંત્રીને રાજ્યમાં રોહિત વેમુલા કાયદો લાગુ કરવાની અપીલ કરતો પત્ર લખ્યો છે. તેમણે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાને પત્ર લખી સરકારને રોહિત વેમુલા ઍક્ટ નામનો કાયદો ઘડવા આહ્વાન કર્યું છે. આ કાયદાનો ઉદ્દેશ શિક્ષણ પ્રણાલીમાં જાતિ આધારિત ભેદભાવ દૂર કરવાનો છે. પોતાના પત્રમાં રાહુલ ગાંધીએ ભારત રત્ન ડૉ. બી આર આંબેડકરનો પણ ઉલ્લેખ કર્યો છે.

રાહુલ ગાંધીએ પત્રમાં લખ્યું હતું કે, બાબા સાહેબ આંબેડકરે પણ પોતાના જીવનકાળ દરમિયાન જાતિગત ભેદભાવનો સામનો કર્યો હતો. એક વખત તેમણે ભોજન વિના જ ઊંઘવુ પડ્યું હતું, કારણકે, લોકોએ તેમને અછૂત માની પાણી આપવાનો પણ ઈન્કાર કર્યો હતો. આંબેડકર પોતે જણાવે છે કે, તેમની પાસે પર્યાપ્ત ભોજન હતું. ભૂખ લાગી હતી. તેમ છતાં તેઓ ભૂખ્યા સૂવા મજબૂર બન્યા હતા. શાળામાં તેમને પોતાના ગુણોના આધારે સહવિદ્યાર્થીઓ સાથે બેસવાની મંજૂરી ન હતી. તેમને ખૂણામાં બેસાડવામાં આવતા હતા.

# ગુજરાતમાં ૨૪ જિલ્લામાં બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે, કાળઝાળ ગરમી વચ્ચે હવામાન વિભાગની આગાહી

ગુજરાતભરમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે હવામાન વિભાગે આજે શુક્રવારે (૧૮ એપ્રિલ, ૨૦૨૫) કચ્છ અને રાજકોટ જિલ્લામાં હીટવેવનું યલો ઍલર્ટ જાહેર કર્યું છે. રાજ્યમાં આગામી ૭ દિવસ ગરમી અને ભારે પવનને લઈને આગાહી કરી છે. જેમાં આવતીકાલે શનિવાર અને રવિવારે કચ્છ-સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૨૪ જિલ્લામાં ધૂળની ડમરી ઉડે તેવો પવન ફૂંકાવવાની આગાહી કરી છે. તેવામાં રાજ્યભરના માછીમારોને દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. રાજ્યમાં આગામી ૨૪ કલાક બાદ ૨ દિવસમાં ૨-૩ ડિગ્રી તાપમાનમાં ઘટાડો નોંધાશે. જ્યારે આવતીકાલે શનિવારે અમદાવાદમાં ૪૩ ડિગ્રી મહત્તમ તાપમાન રહેવાની શક્યતા છે. ગુજરાતમાં વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે વાતાવરણમાં બદલાવ જોવા મળી શકે છે, ત્યારે હવામાન વિભાગે આગામી બે દિવસ ધૂળની ડમરી સાથે પવન ફૂંકાશે. જેમાં ૧૯-૨૦ એપ્રિલના રોજ કચ્છ, બનાસકાંઠા, પાટણ, મોરબી, સુરેન્દ્રનગર, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ, બોટાદ, ગીર સોમનાથ, રાજકોટ, અમરેલી, ભાવનગર, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અમદાવાદ, પંચમહાલ, આણંદ, ખેડા, મહીસાગર, દાહોદ, અરવલ્લી જિલ્લાના ધૂળની ડમરી ઉડે તેવો પવન રહેશે.

# 30 લાખની લાંચ કેસમાં આરોગ્ય વિભાગના અધિક સચિવ દિનેશ પરમારની ધરપકડ, 3 દિવસના રિમાન્ડ મંજૂર




ભાવનગરના આરોગ્ય વિભાગના તત્કાલીન નાયબ નિયામક અને તેમના સાથી ડોક્ટર વિરૂદ્ધની ખાતાકીય તપાસમાં તરફેણમાં રિપોર્ટ આપવા અને મદદ કરવા પેટે રૂ.૩૦ લાખની લાંચ માંગવાના ચકચારભર્યા કેસમાં એન્ટી કરપ્શન બ્યુરોના અધિકારીઓએ આખરે છેલ્લા કેટલાક દિવસોથી નાસતા ફરતા આરોગ્ય વિભાગના અધિક સચિવ દિનેશ બાબુભાઇ પરમારની ધરપકડ કરી લીધી છે અને તેમને આજે સ્પેશ્યલ એસીબી કોર્ટમાં રજૂ કર્યા હતા. સ્પેશ્યલ એસીબી કોર્ટે આરોપી અધિક સચિવ દિનેશ પરમારને ત્રણ દિવસના રિમાન્ડ પર સોંપ્યા હતા. અધિક સચિવ કક્ષાના અધિકારી લાંચ કેસમાં ફસાયા હોય અને એસીબીના રડારમાં સપડાયા હોય તેવો રાજ્યનો આ સૌપ્રથમ કેસ છે, જેને લઇ રાજ્ય સરકારમાં પણ જબરદસ્ત ખળભળાટ મચી ગયો છે. અગાઉ આ ચકચારભર્યા કેસમાં સિવિલ હોસ્પિટલના ડેન્ટલ વિભાગના નિવૃત ડીન અને સરકારમાં મોટી પહોંચ-વગ ધરાવનારા એવા ગીરીશ જેઠાલાલ પરમારને રૂ.૧૫ લાખની લાંચ લેતાં રંગેહાથ ઝડપાઇ ગયા હતા. એસીબીએએ ગીરીશ પરમારના પણ ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા, જેની મુદત પૂરી થતાં તેને જેલમાં ધકેલી દેવાતાં હવે તે જેલના સળિયા ગણતો થઇ ગયો છે.

બીજીબાજુ, આ પ્રકરણમાં છેલ્લા કેટલાક દિવસોથી મુખ્ય આરોપી એવા આરોગ્ય વિભાગના અધિક સચિવ દિનેશ બાબુભાઇ પરમાર નાસતા ફરતા હતા, જેને ગુરૂવારે એસીબીએ ઝડપી લીધા હતા અને કોર્ટમાં રજૂ કર્યા હતા. જ્યાં આરોપી દિનેશ પરમારના સાત દિવસના રિમાન્ડની માંગણી કરતાં એસીબી તરફથી મુખ્ય સરકારી વકીલ સુધીર બી. બ્રહ્મભટ્ટ અને મદદનીશ સરકારી વકીલ સી.આર.ખત્રીએ જણાવ્યું હતું કે, આરોપી દિનેશ બાબુભાઇ પરમાર અને આરોપી ગીરીશ પરમારે ફરિયાદી એવા ભાવનગરના તત્કાલીન નાયબ નિયામક(આરોગ્ય અને તબીબી સેવાઓ) અને તેના સાથી ડોક્ટરને મદદ કરવા અને તરફેણમાં રિપોર્ટ આપવા પેટે રૂ.૩૦ લાખની લાંચની માંગણી કરી હતી. જેમાં દિનેશ પરમાર વતી લાંચનો પહેલો હપ્તો સ્વીકારતા ગીરીશ પરમાર એસીબીના હાથે ઝડપાઇ ગયો હતો. આમ, બંને આરોપીઓ લાંચ લેવામાં એકબીજાની મદદગારી કરતા હોવાનું તપાસમાં ખૂલ્યું છે.ખૂબ જ ગંભીર એવા આ ગુનાની તપાસ માટે દિનેશ પરમારના પૂરતા રિમાન્ડ આપવા જોઇએ.

આ કેસના ફરિયાદી ડો.મનીષ ફેન્સી અગાઉ ભાવનગર ખાતે નાયબ નિયામક(આરોગ્ય અને તબીબી સેવાઓ) તરીકે ફરજ બજાવતા હતા ત્યારે ફરિયાદી દ્વારા આરોગ્ય વિભાગના સ્ટાફ સામે બોગસ મેડિકલ પ્રેકટીસ બાબતે શિક્ષાત્મક કાર્યવાહી કરાઇ હતી. જેના કારણે ફરિયાદી સામે જ ખંડણીની માંગણીની ફરિયાદ કમિશનર સમક્ષ થઇ હતી. જેમાં ફરિયાદી ડો.મનીષ ફેન્સી તેમ જ તેમના સાથી ડોકટર સુનીલ પટેલને ફરજ મોકૂફી પર ઉતારી દેવાયા હતા અને બાદમાં તેઓની વિરૂદ્ધ ખાતાકીય તપાસ હાથ ધરાઇ હતી.

# વીજ કંપનીઓએ સરકારના 'સ્માર્ટ વીજ મીટર'નું સપનું રોળી નાખ્યું, ૮ વર્ષે પણ લક્ષ્ય અધૂરું



રાજ્ય સરકારે ચાર વીજ વિતરણ કંપનીઓ સાથે પરામર્શ કરી ગુજરાતમાં સ્માર્ટ વીજ મીટર નાંખવા નક્કી કર્યુ હતું. વર્ષ ૨૦૧૯ના ડિસેમ્બરના અંત સુધીમાં ૮,૭૯ લાખ સ્માર્ટ વીજ મીટર નાંખવા લક્ષ્યાંક આપવામાં આવ્યો હતો. ખુદ વીજ વિતરણ કંપનીઓએ આ મામલે ઝાઝુ ધ્યાન આપ્યુ નહતું. પરિણામે વીજ વિતરણ કંપનીઓએ સરકારનુ સ્માર્ટ વીજ મીટરનું સપનું રોળી નાંખ્યુ હતું. જોકે, સ્માર્ટ વીજ મીટર મુદ્દે તો હજુય લોકોમાં એવી ગેરસમજ પ્રવર્તી રહી છે, જેથી સ્માર્ટ વીજ મીટર નાંખવાનું હજુ ઠેકાણું પડ્યુ નથી.

વર્ષ ૨૦૧૭માં ગુજરાતમાં સ્માર્ટ વીજ મીટર નાંખવા આયોજન કરાયુ હતું. રાજ્ય સરકારે ઉત્તર ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની, દક્ષિણ ગુજરાત વીજ કંપની અને પશ્ચિમ ગુજરાત વીજ કંપની સાથે પરામર્શ કરીને સ્માર્ટ વીજ મીટર નાંખવા નક્કી કરાયુ હતું. એવું નક્કી કરાયુ કે, ૫૦૦થી વધુ યુનિટ વીજળી વાપરતાં વીજ ગ્રાહકોને શ્રેણી-૧ મૂકાયાં હતાં, જ્યારે ૨૦૦થી વધુ અને ૫૦૦થી ઓછી યુનિટ વીજળી વાપરતાં વીજ ગ્રાહકોને શ્રેણી-૨માં મૂકાયા હતાં.

૩૧મી ડિસેમ્બર, ૨૦૧૭ સુધીમાં ૨.૪૭ લાખ શ્રેણી-૧ના વીજ ગ્રાહકોને સ્માર્ટ વીજ મીટર લગાવવા લક્ષ્યાંક અપાયો હતો. જ્યારે ૩૧મી ડીસેમ્બર ૨૦૧૯ સુધીમાં ૬.૩૨ લાખ શ્રેણી-૨ના વીજ ગ્રાહકોને સ્માર્ટ વીજ મીટર લગાવવા નક્કી કરાયુ હતું. આ લક્ષ્યાંકની સામે શ્રેણી-૧ના ૨૭૧૫ અને શ્રેણી-૨ના ૨૩,૩૩૩ સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવ્યા હતાં. કુલ મળીને ૮,૭૯ લાખ સ્માર્ટ વીજ મીટર લગાવવા આયોજન કરાયુ હતું, પરંતુ માત્રને માત્ર ૨૬ હજાર સ્માર્ટ વીજ મીટર લગાવવામાં આવ્યા હતાં.

કેગના રિપોર્ટમાં સ્માર્ટ વીજ મીટર મુદ્દે વીજ કંપનીઓ કેવુ લોલમલોલ વહીવટ કરે છે તેનો પર્દાફાશ થયો છે. માત્ર ને માત્ર ઉાર ગુજરાત વીજ કંપનીએ ૨૬ હજાર સ્માર્ટ વીજ મીટર લગાવ્યા હતાં. જ્યારે અન્ય ત્રણ વીજ વિતરણ કંપનીઓએ એકપણ સ્માર્ટ મીટર લગાવ્યુ ન હતું. વીજ કંપનીઓએ એવો પણ લૂલો બચાવ કર્યો કે, ગ્રામિણ વિસ્તારોમાં વીજ જોડાણની સમસ્યા છે પરિણામે સ્માર્ટ વીજ મીટર લગાવવા શક્ય નથી. આઠેક વર્ષ વિત્યા પછી પણ સ્માર્ટ વીજ મીટરનો લક્ષ્યાંક સિદ્ધ થયો નથી.


# પાટણનાં બાળ તસ્કરી કેસ:બોગસ ડૉક્ટર સહિત ત્રણ આરોપીઓની જામીન અરજી કોર્ટે ફગાવી




પાટણ શહેરમાં નવેમ્બર ૨૦૨૪માં સામે આવેલા બાળ તસ્કરી કૌભાંડમાં નવો વળાંક આવ્યો છે. આ કેસમાં મુખ્ય આરોપીઓની જામીન અરજી પાટણની કોર્ટે ફગાવી દીધી છે.મુખ્ય આરોપી બોગસ ડૉક્ટર સુરેશ ઠાકોર (રહે. કોરડા, સાંતલપુર), નર્સ શિલ્પાબેન ઠાકોર (રહે. કમાલપુર, રાધનપુર) અને હોસ્પિટલ કર્મચારી રૂપસંગજી ઠાકોર (રહે. રૈયા, દિયોદર) છેલ્લા પાંચ મહિનાથી જેલમાં છે.પાટણ બી-ડિવિઝન પોલીસે ૨૩ નવેમ્બર ૨૦૨૪ના રોજ બાળ તસ્કરીનો કેસ નોંધ્યો હતો. પોલીસે સુરેશ ઠાકોરની ૨૭ નવેમ્બરે, શિલ્પાબેન ઠાકોરની ૨૮ નવેમ્બરે અને રૂપસંગજી ઠાકોરની ૨૯ નવેમ્બરે ધરપકડ કરી હતી.

કેસની વિગતો મુજબ, આરોપીઓએ એક અવિવાહિત સ્ત્રીના બાળકને નિષ્ઠા હોસ્પિટલમાં લાવ્યા હતા. બાળકને અનાથ ગણાવીને ફરિયાદી પાસેથી રૂ. ૧.૨૦લાખ લઈને વેચ્યું હતું. આરોપીઓએ બાળકના દત્તક દસ્તાવેજો નહી આપ્યા અને જન્મની ખોટી નોંધણી કરાવી હતી. વધુમાં, બાળક પરત લઈ લીધા બાદ પૈસા પણ પરત કર્યા ન હતા.પાટણના મુખ્ય સરકારી વકીલ શૈલેષભાઈ ઠક્કરની દલીલો બાદ કોર્ટે નોંધ્યું કે આરોપીઓએ બાળકની ડિલિવરી અને ખરીદ-વેચાણમાં મદદ કરી અવેજ મેળવ્યો હતો. આ ગંભીર ગુનામાં તમામ આરોપીઓની સંડોવણી સ્પષ્ટ જણાતા કોર્ટે તેમની જામીન અરજી ફગાવી દીધી છે.

# વિશ્વ વિરાસત દિને રાણકીવાવમાં મફત પ્રવેશ:૫૦૦થી વધુ પ્રવાસીઓએ માણ્યું સ્થાપત્ય, ૨૦૦ વિદ્યાર્થીઓએ કરી હેરિટેજ સંગીત વોક





**વિશ્વ વિરાસત દિવસ નિમિત્તે પાટણની રાણકીવાવમાં મફત પ્રવેશની સુવિધા આપવામાં આવી હતી. આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા દેશના તમામ ઐતિહાસિક સ્મારકોમાં આ સુવિધા પૂરી પાડવામાં આવી હતી.રાણકીવાવમાં સામાન્ય દિવસોમાં ભારતીય પ્રવાસીઓ માટે ૪૦ રૂપિયા અને વિદેશી પ્રવાસીઓ માટે ૬૦૦ રૂપિયાનો પ્રવેશ દર છે. પરંતુ વિશ્વ વિરાસત દિવસ નિમિત્તે મફત પ્રવેશની જાહેરાત બાદ પ્રવાસીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો હતો.બપોર સુધીમાં ૫૦૦થી વધુ પ્રવાસીઓએ રાણકીવાવની કલાકૃતિઓ અને શિલ્પ સ્થાપત્યનો નજારો માણ્યો હતો. આ ઉપરાંત ૨૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હેરિટેજ સંગીત વોકમાં ભાગ લીધો હતો. મફત પ્રવેશની સુવિધાથી પ્રવાસીઓએ આનંદની લાગણી વ્યક્ત કરી હતી.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.